પાટનગરનું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૧૨ ૨ જુલાઈ, ૨૦૧૯, મંગળવાર; જયેષ્ઠ વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મુંબઈમાં ૨૧ ઈંચ વરસાદથી જળબંબાકાર

**જનજીવન અસ્તવ્યસ્ત : ટ્રેન અને વિમાની સેવાઓ ઠપ : હજારો લોકો અટવાઈ ગયા : થાણે અને પાલઘર ક્ષેત્રોમાં દશકોના વરસાદના રેકોર્ડ તુટ્યા : લોકોના ઘરમાં પાણી ઘુસ્યા : હિન્દમાતા, સાયન, અંધેરી, કુર્લા, બાંદરા, ચેમ્બુર જળબંબાકાર**







મુંબઈ,તા. ૧

મુંબઈ અતિભારે વરસાદના પરિણામ સ્વરુપે સંપૂર્ણપણે જળબંબાકાર થયું છે. ચારેબાજુ પાણીની નદીઓ સ્પષ્ટપણે જોઈ શકાય છે. ટુંકાગાળામાં જ ૨૧ ઈંચથી પણ વધુ વરસાદ ખાબકી ગયો છે. મ્યુનિસિપલ કમિશનર પ્રવિણ પરેદશીનું કહેવું છે કે, શહેરમાં બે દિવસમાં ૫૪૦ મીમી અથવા તો ૨૧ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે જેથી ટ્રેન અને વિમાની સેવા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. મુંબઈના લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. મુંબઈ ડિવિઝનના પાલઘર વિસ્તારમાં રવિવારે રાત્રે રેકોર્ડ વરસાદ પડ્યો હતો. આ ગાળા દરમિયાન ૩૬૧ મીમી જેટલો વરસાદ નોંધાયો હતો અને આજે સવારે ચાર વાગ્યાથી પાંચ વાગ્યા વચ્ચે વધુ ૧૦૦ મીમી વરસાદ ખાબકી ગયો હતો. આની સાથે જ પાલઘરમાં ૧૮ ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ગયો હતો. યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને મુંબઈ-અમદાવાદ શતાબ્દી સહિત અનેક ટ્રેનોને રદ કરવી પડી હતી. ૧૩થી વધુ ટ્રેનો રદ કરવામાં આવી ચુકી છે. થાણે અનો પાલઘરમાં અતિ ભારે વરસાદ પડી શકે છે. બીજી, ચોથી અને પાંચમી જુલાઈના દિવસે મુંબઈમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. છેલ્લા એક દશકમાં બે દિવસના ગાળામાં સૌથી વધુ વરસાદનો રેકોર્ડ મુંબઈમાં નોંધાઈ ગયો છે. એરપોર્ટમાં રનવે ઉપર પાણી ભરાઈ ગયા છે. રનવેની નજીક

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તર પ્રદેશની કેબિનેટમાં ફેરબદલ કરાશે

લખનઉ,તા.૧

ઉત્તર પ્રદેશની કેબિનેટમાં ટૂંકમાં ફેરબદલ થવાની શકયતા છે. ત્રણ પ્રધાનો લોકસભાના સાંસદ બન્યા છે. એક પ્રધાનને કાઢી મુકાયા હતા. માર્ચ ૨૦૧૭માં યોગી સરકાર આવ્યા બાદ પ્રથમવાર કેબિનેટમાં ફેરફાર થઈ રહ્યા છે. રાજયમાં લોકસભાની ૮૦ બેઠક પૈકી ૬૨ બેઠક ભાજપે જીતી હતી. તે માટે મહેનત કરનાર નેતાઓને ધ્યાનમાં લેવાશે, એવી સંભાવના છે.

યોગી સરકારના ત્રણ પ્રધાનો રીટા બહુગુણા જોશી, એસ. પી. સિંહ અને સત્યદેવ પચોરી લોકસભામાં ચૂંટાયા છે. ઓ. પી. રાજભરને પ્રધાનપદમાંથી પાણીચું અપાયું હતું.

# રાજ્યસભામાં પણ એનડીએ બહુમતિની નજીક

**જરૂરી બિલને પસાર કરવામાં તકલીફ નહીં પડે : એનડીએને છ સભ્યોની જરૂર રહેશે : ટીડીપીના ૪ સાંસદો તેમજ ઇન્ડિયન નેશનલ લોકદળના એક સાંસદની એન્ટ્રી**

નવી દિલ્હી, તા. ૧

તેલુગુ દેશ પાર્ટીના ચાર સાંસદો અને ઈન્ડિયન નેશનલ લોકદળના એક સાંસદ ભાજપમાં જોડાઈ ગયા બાદ એનડીએને રાજ્યસભામાં પણ મોટી લીડ મળી ગઈ છે. ચાર બીજા સાંસદ પાંચમી જુલાઈ સુધી એનડીએનો હિસ્સો બનનાર છે. જો આવું થશે તો ભારતીય જનતા પાર્ટી ગઠબંધન બહુમતની નજીક પહોંચી જશે. આ બાબત એનડીએ માટે ખુબ મહત્વપૂર્ણ બની જશે. કારણ કે, છેલ્લી અવધિમાં અનેક મહત્વપૂર્ણ બિલને પસાર કરવામાં અસફળતા હાથ લાગી હતી. રવિવાર સુધીના ડેટા મુજબ ૨૩૫ સભ્યોવાળી રાજ્યસભામાં એનડીએના ૧૧૧ રાજ્યસભા સાંસદ છે. હાલમાં ૧૦ સીટો ખાલી છે જેમાંથી ચાર સાંસદ પાંચમી જુલાઈના દિવસે એનડીએમાં ચુંટાઈને આવવાની શક્યતા છે જેથી આ આંકડો ૧૧૫ થઈ જશે. કુલ ૨૪૧ સભ્યોની સંખ્યામાં ૧૧૫ સાંસદોના આંકડાનો મતલબ એ છે કે, એનડીએની પાસે બહુમતિથી માત્ર ૬ સાંસદ ઓછા રહેશે. જો રાજ્યસભામાં કુલ ૨૪૫ સભ્ય

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિની ધરપકડ**

જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ આસિફઅલી જરદારીને ભ્રષ્ટાચારના વધુ એક મામલે ધરપકડ કરવામાં આવી છે. આસિફઅલી અને તેમની બહેને બેંક ખાતાના માધ્યમથી ૧૫ કરોડ રૂ.ની લેવડદેવડ કરી હતી.

**વિજયશંકર વર્લ્ડકપમાંથી બહાર**

ભારતના ઓલરાઉન્ડર વિજય શંકર ઈજાનો કારણે વર્લ્ડકપમાંથી બહાર થઈ ગયો છે. તોની જગ્યાએ મયંક અગ્રવાલનો ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

# કાશ્મીરમાં મીનીબસ ખાઈમાં ખાબકી



જમ્મુ, તા.૧

જમ્મુ કાશ્મીરના કિશ્તવારમાં ભીષણ માર્ગ દુર્ઘટનામાં ૩૫થી વધુ લોકોના

**માર્ગ દુર્ઘટનામાં ૩૫ના મોત : ઈજાગ્રસ્તો પૈકી અનેક ગંભીર : કિશ્તવાર નજીક મિની બસ ઉંડી ખીણમાં ખાબકી જતાં દુર્ઘટના : ઘાયલ થયેલા લોકોને એરલિફ્ટ કરીને ખસેડવામાં આવ્યા : મૃતકના પરિવારને પાંચ લાખ : મોદી-શાહે દુઃખ વ્યક્ત કર્યું**

મોત થઈ ગયા છે અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આ દુર્ઘટના એક મિની બસ ખીણમાં પડી જવાના કારણે સર્જાઈ છે. ઘાયલ થયેલા લોકો પૈકી ત્રણ લોકોને જમ્મુ એરલીફ કરવામાં આવ્યા છે. અન્ય ઘાયલોને પણ એરલીફ કરીને લાવવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ સત્યપાલ મલિકે કિશ્તવાર માર્ગ દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકો માટે રકમ આપવાની જાહેરાત કરી છે. રાજ્યપાલ મલિકે મૃતકોના પરિવારને પાંચ-પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. સાથે સાથે ઘાયલ થયેલા લોકોને સર્વશ્રેષ્ઠ સુવિધા આપવાની જાહેરાત કરી છે. જે ઘાયલ લોકોને એરલિફ્ટ કરીને જમ્મુ રાજકીય મેડિકલ કોલેજમાં લાવવામાં આવ્યા છે તેમાં પ્રવિણબાનોપુત્રી અબ્દુલ ગફાર, તારીક હુસૈન પુત્ર ગુલામ મોહમ્મદ, મોહમ્મદ અબ્દુલ વાની પુત્ર અબ્દુલ સુમાન, દિપા પુત્રી જોધરામ, મોહમ્મદ ઈલિયાસ પુત્ર સુભાન ભટ્ટ, હમીદ રાથર પુત્ર મોહમ્મદ ગની,

● અનુસંધાન પાન-૭ પર

## એનએસ વિશ્વનાથન આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર



એન.એસ. વિશ્વનાથનને આરબીઆઈના નાયબ ગવર્નરપદે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમને આ જવાબદારી બીજીવાર મળી છે. આ અગાઉ વિશ્વનાથનને ચોથી જુલાઈ, ૨૦૧૬ના રોજ કેન્દ્રિય બેંકમાં ત્રણ વર્ષ માટે નાયબ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમનો કાર્યકાળ ૩ જુલાઈ, ૨૦૧૯ના રોજ પૂર્ણ થવાનો હતો. પરંતુ સરકારે તેમને પુનઃ એક વર્ષ માટે નિમણુંક આપી છે.

# દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા : વાપીમાં ૧૫ ઈંચ

**આગામી ૨ દિવસમાં દ.ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી : નવસારીના ખેરગામમાં ૪૮ કલાકમાં ૧૩ ઈંચ વરસાદ ખાબક્યો, કાવેરી, ખરેરા અને અંબિકા બંને કાંઠે, ૪ કોઝવે ડૂબી ગયા**

ગાંધીનગર,તા.૧

મેઘરાજાએ જાણે પોતાનું બધું જ હેત વલસાડ જીલ્લા ઉપર વરસાવ્યું હોય તેમ વાપીમાં ૧૫ ઈંચ જેટલો, વલસાડ ૧૩ ઈંચ, ઉમરગામ ૧૨ ઈંચ, પારડી ૧૦ ઈંચ, કપરાડા ૬ ઈંચ અને ધરમપુરમાં ૭ ઈંચ સાંબેલાધાર વરસાદ વરસતા જિલ્લામાં કોલક ઓરંગા સહિતની નદીઓમાં બંન્ને કાંઠે વહી રહી છે.

પારડી નજીક ખડકી નેશનલ હાઈવે નંબર ૪૮ નજીક એક તળાવ વરસાદથી છલકાયું હતું. તળાવ ઓવરફલો થતાં નજીકના વિસ્તારમાં કંપની અને બિલ્ડીંગોના આડેધડ બાંધકામના કારણે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી હાઈવે સુધી પાણી ઘસી આવ્યાં હતાં. ખડકી હાઈવે પર વરસાદી પાણી પહોંચતાં વાહન ચાલકો પણ એક સમયે ડરી ગયા હતાં.

વલસાડ તાલુકાના ૩ નીચા કોઝવે પર પાણી ફરી વળતાં ગ્રામ્ય વિસ્તારના સંપર્ક તૂટયા હતા.વલંડી, કાકડમટી વચ્ચે કુંડી અને ઓઝર કોઝવે પર નવા કોઝવે બનાવવા લોકો માગ કરી રહ્યા છે.

શહેરના છીપવાડ, તિથલ, રોડ, આઝાદ ચોક, હાલર રોડ, ગૌરવપથ, અબ્રામા-વાવફળિયા, મોગરાવાડી, હનુમાનભાગડા, બંદર રોડ, તરિયાવાડ, કૈલાસ રોડ, રેલવે કોલોની, બ્રધરન ચર્ચ, ભારત ડેરી રોડ, મોગરાવાડી ગરનાળું સેલવાસ જવા માટે તુલસી નદી ઉપર આવેક કોઝવે મહત્વનો છે ગત વર્ષે વરસાદના પાણીમાં ધોવાણ થયો હતો અને સ્થાનિક લોકોએ જાતે પથ્થર લાવી બનાવ્યો હતો. અને વલસાડ જિલ્લાની મુખ્ય નદી છે અને તુલસી નદી દમણગંગા નદી ને મળતી આવે છે તેની ઉપર બનેલ કોઝવે પાણીમાં ગરકાવ થઈ જતા લોકોનો સંપર્ક તૂટી ગયો છે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

# બમ બમ ભોલેના નાદ વચ્ચે ૨૨૩૪ ભાવિકો અમરનાથ યાત્રા માટે રવાના

**૯૩ વાહનોના પ્રથમ કાફલામાં તમામ શ્રદ્ધાળુઓ રવાના થયા**

જમ્મુ,તા. ૧

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે વાર્ષિક અમરનાથ યાત્રા આજે સઘન સુરક્ષા વચ્ચે શરૂ થઈ હતી. બાબા બર્ફાનીના દર્શન કરવા માટે સવારમાં ૨૨૩૪ શ્રદ્ધાળુઓનો પ્રથમ કાફલો કેમ્પથી રવાના કરવામા આવ્યો હતો. બાબા બર્ફાનીના દર્શન કરવા માટે પહોંચેલા તમામ શ્રદ્ધાળુઓનુ જુદી જુદી જગ્યાએ સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ૯૩ વાહનોમાં ૨૨૩૪ શ્રદ્ધાળુઓ રવાના થયા હતા. ગુફા સુધી જવા માટે બે રસ્તા છે. જે પૈકી પહેલગામથી ૧૩૦ મહિલાઓ, સાત બાળકો અને ૪૫ સંતો સહિત ૧૨૨૮ શ્રદ્ધાળુઓ રવાના થયા છે. બાલટાળથી ૨૦૩ મહિલાઓ અને ૧૦ બાળકો સહિત ૧૦૦૬ શ્રદ્ધાળુઓ રવાના થયા છે. વિમાની માર્ગે, ટ્રેન મારફતે પણ પહોંચી શકાય છે. પહેલગામ અથવા બાલતાલ સુધી કોઈપણ વાહનથી પહોંચી શકાય છે પરંતુ ત્યારબાદ ચાલતા જવાનું હોય છે. બાલતાલ અને પહેલગામથી અમરનાથની પવિત્ર ગુફા સુધી પહોંચવાના બે રસ્તાઓ છે. આ બનંને રસ્તા શ્રીનગરથી ખૂબ સારી રીતે જોડાયેલા છે. મોટાભાગે શ્રદ્ધાળુ શ્રીનગરથી પોતાની યાત્રા શરૂ કરે છે. પહેલગામથી અમરનાથની પવિત્ર ગુફા ૪૮ કિલોમીટરના અંતરે છે જયારે બાલતાલથી પવિત્ર ગુફા ૧૪ કિલોમીટરના અંતરે છે. બાલતાલ રૂટથી અમરનાથ ગુફા સુધી સરળતાથી અને ઓછા સમયમાં પહોંચી શકાય છે પરંતુ આ રસ્તો ખૂબ જ મુશ્કેલરૂપ છે. જેથી મોટી વયના લોકો આ રૂટનો ઉપયોગ કરી શકતા નથી. પહેલગામ અમરનાથ માટે ઐતિહાસિક અને જુના માર્ગ તરીકે છે. આ રૂટથી ગુફા સુધી પહોંચવા ત્રણ દિવસ લાગે છે.જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રાને લઈને તમામ તૈયારીઓ પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી છે. પહેલગામ અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ તરીકે છે. ત્યાંથી અમરનાથની પવિત્ર યાત્રા ચાલતા શરૂ થાય છે. આ ઉપરાંત બાલતાલથી પણ બીજો રસ્તો અમરનાથ ગુફા માટે હોય છે. લાખો શ્રદ્ધાળુઓ પહેલાથી જ નોંધણી કરાવી ચુક્યા છે. અમરનાથ યાત્રાને લઈને સરકારની ગંભીરતાનો અંદાજ લગાવી શકાય છે કે આ વખતે અમરનાથ યાત્રા પહેલા નવી સરકારમાં ગૃહમંત્રી બનેલા અમિત શાહ તૈયારીઓ અને સુરક્ષા પાસાની સમીક્ષા કરી ચુક્યા છે.



SALE...SALE
BUY 1 GET 1 FREE*
(*-HIGHER VALUE SHALL BE CONSIDERED SINGLE PURCHASE, 30% OFF)
NEW BORN ITEMS & KIDS WEAR
જીયાણું તથા નાના બાળકો ના કપડાં
max style
1ST FLOOR, HAVELI ARCADE, NR. RADHE SWEETS, SEC.11, GANDHINAGAR.
(SHOP TIMING :- 10.30 AM - 8.30 PM & MONDAY CLOSE)

R K VACATIONS PVT. LTD.
બેંગકોક પટાયા
રીટર્ન એર ટીકીટ, ૩*હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, કોરલ આઈલેન્ડ
5N- 6D 27999₹
ગોવા
રીટર્ન એર ટીકીટ, ૪*હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ
3N- 4D 14999₹
5000 રૂા. નું ગીફ્ટ વાઉચર દરેક પેકેજ પર પ્રતિ વ્યકિત
+91 79 61 61 35 35 - 40 40 35 35